**ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૫ અને ૬ અંતર્ગત મુકરર અધિકારી અને ફરિયાદ નિવારણ અધિકારી/ સત્તાધિકારીની નિમણુંકો કરવા અંગે.**

પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૬/ ૧૨૩/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૨/૦૪/૨૦૧૬

**ઠરાવ :**

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ- ૨૦૧૩ ની કલમ-૪ અંતર્ગત રાજ્ય સરકારે સેવાઓ પૂરી પાડવાની સમય મર્યાદા જાહેર કરવા સહ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ- ૨૦૧૩ ની કલમ-૪ હેઠળ સમાવી લેવામાં આવેલ સેવાઓ અને આવી સેવાઓ પૂરી પાડવા માટે નિયત કરાયેલ સમય મર્યાદામાં આવી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ઉક્ત અધિનિયમના કલમ – ૫ અને ૬ ની જોગવાઇ મુજબ જવાબદાર મુકરર અધિકારી (designated officer) અને ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal Officer) ના નામ અને સરનામા પ્રસિધ્ધ કરવાના રહે છે.

ઉક્ત અધિનિયમની જોગવાઇઓને સુસંગત રહીને ગ્રામ વિકાસ વિભાગ કક્ષાએ નીચે મુજબના અધિકારીઓને મુકરર અધિકારી (designated officer) અને ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal Officer) નિયુક્ત કરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ઉપસચિવ (ગ્રામ વિકાસ) | મુકરર અધિકારી અને ઉપસચિવ (ગ્રા.વિ)<br>પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં. ૧૧/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર. ફો.નં. ૦૭૯ ૨૩૨ ૫૧૧૫૦<br>E-Mail ID : us-rural@ gujarat.gov.in.<br>ફેક્ષ નં. ૦૭૯ ૨૩૨ -૫૨૦૫૫. |
| ૨. | અધિક સચિવશ્રી (ગ્રામ વિકાસ) | ફરિયાદ નિવારણ અધિકારી અને અધિક સચિવ (ગ્રા.વિ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં. ૧૧/૨ જો માળ સચિવાલય, ગાંધીનગર. ફો નં. ૦૭૯ ૨૩૨ ૫૧૫૦૪<br>E-Mail ID : Dysec2-panchayat@gujarat.gov.in<br>ફેક્ષ નં. ૦૭૯ ૨૩૨ -૫૨૦૫૫. |

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ- ૨૦૧૩ ની કલમ-૨૯ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાની રુએ, રાજ્ય સરકારે બહાર પાડેલ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો-૨૦૧૪ ના નિયમ-૩ હેઠળની જોગવાઇ મુજબ દરેક જાહેર સત્તમંડળોએ તેના મુકરર અધિકારીઓ, ફરિયાદ નિવારણ અધિકારીઓના નામ, સરનામા, ઇ-મેઇલ આઇ.ડી. કોન્ટેક (ફોન) નં./ફેક્ષ નં.

દરેક જાહેર સત્તામંડળ અથવા કસ્ટમર કેર સેન્ટર અથવા હેલ્પ ડેસ્ક/જન સેવા કેન્દ્ર અને વેચાણ કેન્દ્ર હોય તો તો તેની વેબસાઇટ ઉપર પ્રદર્શિત કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉપર દર્શાવેલ અધિકારીઓએ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ અને હેઠળ તેમજ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો-૨૦૧૪ હેઠળ તેઓને સોંપાયેલ કામગીરી કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને તેમના વતી,

(યુ. યુ. પઠાણ)
ઉપસચિવ(ગ્રામ વિકાસ)
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના:-**

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક. મંત્રીશ્રી (પંચાયત અને ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (તમામ સા.વ.વિ. સહ) સચિવાલય, ગાંધીનગર.
૭. કમિશ્નર-વ-અગ્રસચિવશ્રી(ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
૮. વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર
૯. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને ચેરમેનશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (તમામ)
(કમિશ્નર, ગ્રામ વિકાસની કચેરી મારફત)
૧૦. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (તમામ) ગુજરાત રાજ્ય, (કમિશ્નર, ગ્રામ વિકાસની કચેરી મારફત)
૧૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (વાસ્મો)
૧૨. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, વિભાગની વેબસાઇટ ઉપર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
૧૩. સિલેક્ટ ફાઇલ.